સ્થાયી સમિતિએ એકસો એક કરોડનું બજેટ સૂચવ્યુ

ભરતી બોર્ડ સાથે જન સુવિધાના કામો પાછળ ૫૫ ટકા રકમનો ખર્ચ કરાશે : આશિષ દવે : ૮૯.૮૮ કરોડના વિકાસકામો સૂચવાયા : પુરાંતમાં ઘટાડો થશે : એડવાન્સ ટેક્સ ભરનારને ૧૦ ટકા રિબેટ અપાશે : અલગ ટ્રાન્સપોર્ટ વ્યવસ્થા ઉભી કરવાની પણ ખાતરી અપાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિએ મ્યુ. કમિશનરશ્રીએ રજુ કરેલા રૂ. ૬૦.૫૭ કરોડના બજેટ સામે આમૂલ પરિવર્તન સાથે રૂ. ૧૦૧.૦૨ કરોડનું બજેટ રજુ કર્યું છે.

મ્યુનિ. કમિશનરશ્રીના બજેટ કરતાં વધુ લોકાભિમુખ વહીવટનો નિર્દેશ આપતાં સ્થાયી સમિતિના ચેરમેન શ્રી આશિષ દવેએ જણાવ્યું હતું કે અમે શહેરના સર્વાંગી વિકાસને અમારા બજેટમાં અગ્રતા આપી છે. ૨૦૧૪-૧૫ના વર્ષ માટે રૂ. ૮૯.૮૮ કરોડના વિકાસકામોનું આયોજન કર્યું છે. જેમાંથી વિકાસ માટે રૂ. ૭૨.૭૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

તેમણે જણાવ્યુ હતુ કે મિલ્કતવેરાની વસુલાતને વધુ સઘન બનાવી વર્ષની આવકમાં રૂ. ૫ કરોડનો વધારો મેળવવાનું આયોજન છે. તેમણે જણાવ્યુ કે ૩૧મી મે પહેલાં મિલ્કતવેરો ભરનારને અમે ૧૦ ટકા સુધીનું રિબેટ આપવાની ભલામણ બજેટમાં સૂચવી છે.

વ્યવસાય વેરાની આવક માટે પણ નવા કરદાતાઓ શોધવાની સાથે સાથે રૂ. ૧ કરોડની વધારે આવક મેળવવાના અંદાજો છે. આ ઉપરાંત વ્યાજની આવકમાંથી વધુ ૧ કરોડ મેળવવાના અંદાજો સાથે અમે રૂ. ૭ કરોડની વધુ આવક મેળવવાના પ્રયાસો સૂચવ્યા છે.

આ ઉપરાંત UI DSSMT ની સોલિડ વેસ્ટ મેનેજમેન્ટની ગ્રાન્ટ જે રૂ. ૩૩.૪૫ કરોડ મંજૂર થયેલી છે. તે આવતા નાણાંકીય વર્ષમાં મળશે. આમ સ્થાયી સમિતિએ રૂ. ૪૦.૪૫ કરોડની આવકનો વધારો મેળવવામાં આવશે તેમ આ બજેટમાં દર્શાવી રૂ. ૧૦૧.૦૨ કરોડનું બજેટ સૂચવ્યું છે.

તેમણે જણાવ્યુ હતુ કે સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પ્રોજેક્ટ પાછળ રૂ. ૧૧.૮૫ કરોડનો ખર્ચ કરવાનું વિચાર્યું છે. જાહેર વિકાસ માટે રૂ. ૬.૫૦ કરોડ ખર્ચ કરાશે તો શહેરી તથા ગામના ગરીબ અને પછાત વિસ્તારના વિકાસ કામો માટે રૂ. ૪.૫૦ કરોડ તથા મેયર માટેની ડિસ્ક્રીશનરી ગ્રાન્ટ માટે રૂ. બે કરોડ કરવાનો નિર્ણય કર્યો છે.

શ્રી દવેએ જણાવ્યું હતું કે જન સુવિધાના કામો પાછળ રૂ. ૪૯.૫૮ કરોડ ખર્ચવાનું આયોજન છે. જેમાં બાગ બગીચા નવીનીકરણ, રંગમંચ નવીનીકરણ, જાહેર શૌચાલય, આરોગ્ય વિષયક સેવાઓના વિસ્તૃતીકરણ, કોમ્યુનીટી હોલ, સ્વીમીંગ પુલ, રમત-ગમત સંકુલ, ડે કેર સેન્ટર, સિનીયર સિટીઝન વિસામા પોઈન્ટ ડેવલપ કરવા સહિતની બાબતોનો સમાવેશ થાય છે.

અમે જે રૂ. ૮૯.૮૮ કરોડના વિકાસનું આયોજન કર્યું છે તેમાં સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ પાછળ ૧૩ ટકા, જનસુવિધાના કામો માટે ૫૫ ટકા, જાહેર વિકાસ માટે ૭ ટકા અને અન્ય કામો માટે ૧૫ ટકા જેટલી રકમ ફાળવી શહેરના સર્વાંગી વિકાસની રૂપરેખા તૈયાર કરી છે.

અમારા બજેટમાં અમે પુરાંત ઘટાડીને રૂ. ૯૫ લાખ જ દર્શાવી છે. જે મનપાની આર્થિક સ્થિતિની સદ્ધરતા જાળવી રાખવાની દિશાનો સંકેત પણ આપે છે. અમે રેવન્યુમાંથી રૂ. ૬ કરોડ વધુ વિકાસ માટે ફાળવવાનો પણ મહત્વનો નિર્ણય કરેલ છે.

ગાંધીનગર શહેરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે તેથી સ્વર્ણિમ જયંતિની ઉજવણી માટે અમે રૂ. ૨૧ લાખ સૂચવી રૂ. ૧૫ લાખનો વધારો કરવાનું મુનાસિબ માન્યુ છે. આ ઉપરાંત જનસેવા સુધાર માટે અમે કર્મચારીઓની તાલિમ માટે રૂ. પાંચ લાખ વધારે સૂચવ્યા છે. સ્વર્ણિમ જયંતિ વર્ષ નિમિત્તે નાણાંકીય વર્ષની ડાયરી પ્રસિદ્ધ કરવા માટે પણ રૂ. પાંચ લાખ સૂચવ્યા છે.

શહેરમાં સફાઈ વ્યવસ્થાના સઘનીકરણ માટે સફાઈ કામદારો સહિતના અધિકારીઓના પ્રોત્સાહન માટે ઈનામ આપી સન્માનિત કરવા બજેટમાં રૂ. પાંચ લાખની જોગવાઈ કરી છે.

તેમણે જણાવ્યું હતું કે સીટી બસ સુવિધા માટે મહાનગરપાલિકાનું સ્વાયત્ત તંત્ર ઉભુ કરવા તેમજ પી.પી.પી. મોડેલ દ્વારા પણ વ્યવસ્થા કરવી અને નિયત સમયમર્યાદામાં આ કામગીરી શરૂ થાય તે જોવાશે.

તેમણે જણાવ્યુ હતુ કે કોર્પોરેશનની મંજૂર થયેલી સ્ટાફ પેટર્ન પ્રમાણે ઝડપી ભરતી માટે ભરતી બોર્ડની રચના કરવાની જોગવાઈ પણ આ બજેટમાં અમે કરી છે.

યોજનાઓ વહેલી પૂર્ણ કરવા બદલ ગુજરાતની વીજ કંપનીને બે એવોર્ડ એનાયત

ગાંધીનગર, તા.૪

ગુજરાત, એક વિજળી સરપ્લસ રાજય, યુનિયન મિનિસ્ટ્રી ઓફ પાવર્સ કોમ્પ્રિહેન્સિવ એવોર્ડ યોજના અંતર્ગત તેની વિજળીની ઉપયોગિતા અંગેની પ્રશંસનીય કામગીરી બદલ જીઈટીસીઓને ફરી એકવાર બે એવોર્ડ મળ્યા છે. આ ગોલ્ડ અને સિલ્વર શિલ્ડ સ્વરૂપી આ એવોર્ડસ કેન્દ્રિય ઉર્જા મંત્રીશ્રી જયોતિરાદિત્ય સિંધ્યા દ્વારા અત્રે શ્રી બી.બી. ચૌહાણ (મુખ્ય ઈજનેર, પ્રોજેક્ટસ) અને શ્રી રોમી ભાટિયા, જનરલ મેનેજર (જીઈટીસીઓ)ને એનાયત કરવામાં આવ્યા હતાં. ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કોર્પોરેશન લિમિટેડ (જીઈટીસીઓ)ને તેના ૨૨૦ કેવી ક્ષમતા ધરાવતા ચારણકા સબ સ્ટેશને વર્ષ ૨૦૧૧-૧૨ માટેની પાવર ટ્રાન્સમિશન યોજનાઓ વહેલી પૂર્ણ કરવાની કેટેગરીમાં 'ગોલ્ડ શિલ્ડ' પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.

ચારણકા સ્થિત આ સબ સ્ટેશન માત્ર નવ માસ અને ૨૪ દિવસોમાં કાર્યરત થયું હતું અને ભચાઉ (વોંઢા) સ્થિત સબ સ્ટેશન તેની ભારત સરકાર દ્વારા નિર્ધારિત કરવામાં આવેલી ૨૪ માસની સમયમર્યાદા સાપેક્ષ ૧૮ માસ અને ૯ દિવસોમાં જ પૂર્ણ કરવામાં આવેલ હતું. કેન્દ્રિય ઉર્જા મંત્રાલય દ્વારા જીઈટીસીઓને ભૂતકાળમાં તેના ભૂતિયા સ્થિત ૨૨૦ કેવીની ક્ષમતા ધરાવતા પાવર ટ્રાન્સમિશન પ્રોજેક્ટની પૂર્ણતા બદલ (વર્ષ ૨૦૦૫-૦૬માં સિલ્વર શિલ્ડ), ૨૨૦ કેવીની ક્ષમતા રાજપર (વર્ષ ૨૦૦૭-૦૮માં ગોલ્ડ શિલ્ડ) તેમજ ૨૨૦ કેવીની ક્ષમતા ધરાવતા ભાટ સબ સ્ટેશનને (વર્ષ ૨૦૦૯-૧૦માં ગોલ્ડ શિલ્ડ) એમ ત્રણ વખત એવોર્ડસ પ્રાપ્ત થયા છે.

છેલ્લા એક દશકમાં ગુજરાતે વિજ ક્ષેત્રે સંપૂર્ણ કાયાપલટ પ્રાપ્ત કરી છે. માર્ચ ૨૦૧૨ સુધીમાં રાજયમાં કુલ સ્થાપિત ક્ષમતા ૧૫,૩૦૬ મેગા વોટ હતી અને વર્ષ ૨૦૧૧-૧૨માં રાજયનું કુલ વીજ ઉત્પાદન ૭૮,૬૫૧ એમયુ હતું.

મહિલા સુરક્ષા માટે '૧૮૧ અભયમ્' હેલ્પ લાઈનનો પ્રારંભ

ગુજરાતમાં મહિલાઓ અન્ય રાજયોથી વધારે સલામત છે : આનંદીબેન પટેલ : અમદાવાદ અને સુરત શહેર ઉપરાંત ગાંધીનગર જિલ્લામાં યોજનાને ૧૮૧ નંબર ડાયલ કરી શુભારંભ કરાવતા મંત્રી

ગાંધીનગર, તા.૪

રાજયના મહેસુલ અને માર્ગ મકાન વિભાગના મંત્રી આનંદીબેન પટેલે દેશભરમાં પ્રથમ એળી મહિલા સુરક્ષા અને માર્ગદર્શન માટેની ૨૪૮૭ મહિલા હેલ્પલાઈનનો ટોલ ફ્રી ૧૮૧ નંબર ડાયલ કરીને ૧૮૧ અભયમ હેલ્પલાઈનની શરૂઆત કરતાં જણાવ્યું હતું કે, રાજય સરકારના મહિલા સશક્તિકરણ ક્ષેત્રના પરીણામલક્ષી અભિગમને કારણે ગુજરાતમાં મહિલાઓ દેશના અન્ય રાજયો કરતા વધુ સલામત છે. મંત્રીએ આ હેલ્પલાઈનને મહિલા વિકાસ અને સશક્તિકરણ માટેના મહત્વના પગલા તરીકે ગણાવી જણાવ્યું હતું કે, અભયમ હેલ્પલાઈનને કારણે મહિલાઓ ખરાઅર્થમાં હવે અભય બનશે...નિડર બનશે. મંત્રી પટેલે મહિલાઓના સશક્તિકરણ દ્વારા વિકાસની રાજય સરકારને અનેકવિધ યોજનાઓના ઉદારહણ દ્વારા જણાવ્યું હતું કે, દિકરી શિક્ષિત બનશે તો પગભર બનશે અને પગભર દિકરી બનશે તો મોટાભાગની સમસ્યાનો હલ આપોઆપ આવી જશે. તેમણે રાજય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણ માટે શિક્ષણ, આરોગ્ય અને આર્થિક ઉપાર્જન તેમજ મહિલા જાગૃતિને આવશ્યક ગણાવ્યા હતા. આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેલા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના મંત્રી ગણપતભાઈ વસાવાએ ૧૮૧ અભયમ હેલ્પલાઈન શરૂ કરનારું ગુજરાત દેશભરનું પ્રથમ રાજય છે તેમ જણાવીને આ યોજના વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, મહિલાઓને માર્ગદર્શન માટે રાજય સરકાર દ્વારા દરેક જિલ્લામાં કાઉન્સેલીંગ સેન્ટર શરૂ કરવામાં આવ્યા છે જ્યાંથી મહિલાઓ સમસ્યાના સમાધાન માટે માર્ગદર્શન મેળળી શકશે. રાજયમાં ૬૩ જેટલી નારી અદાલતો અને મહિલા આયોગ

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળે આજે વિકાસ-નકશા માટે બોલાવેલી પ્રેસ કોન્ફરન્સ ગાંધીનગરની સૌથી લાંબા સમયની પ્રેસ-કોન્ફરન્સ બની. જે બે કલાક ચાલી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠક પૂર્વે આજે કોર્પો.ના સભ્યોનો અને આમંત્રિતોનો સમૂહભોજન સમારોહ યોજાયો હતો.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના વિપક્ષના નેતા શકુંતલાબેન પટેલ વિદેશ પ્રવાસે જઈ રહ્યા છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના સદસ્ય અજીતસિંહ રાઠોડે નાનકડી સોલાર લાઈટ વિકસાવી છે.
- મહાનગરપાલિકાના બિલ્ડીંગની છત પર ૫૦૦ કિલો વોટ સૌર ઊર્જાનું ઉત્પાદન કરાશે તેમ આશિષ દવેએ કહ્યું છે.
- ગાંધીનગરના અધિક કલેક્ટર ડૉ. એમ.બી. મોડિયા આજે જાહેર સુનાવણી માટે કલોલના પ્રવાસે હતા.

રાજયના ઉચ્ચ અધિકારીઓને અદ્યતન મોબાઈલ હેન્ડસેટ અપાશે

ગાંધીનગર, તા.૪

સચિવ અનેતેની ઉપરની કક્ષાના ઉચ્ચ અધિકારીઓને હવે અદ્યતન ટેકનોલોજીની સુવિધા ધરાવતા મોબાઈલ હેન્ડસેટ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે.

સચિવાલય સાથે સંકળાયેલ અત્યંત વિશ્વાસ પાત્ર સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજય સરકારમાં ફરજ બજાવતા સનદી અને ઉચ્ચ સનદી અધિકારીઓને મોબાઈલ હેન્ડસેટ રાજય સરકાર દ્વારા આપવામાં આવતા હતા. અગાઉ સાદા મોબાઈલ હેન્ડસેટો આપવામાં આવ્યા હતાં.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નવી ટેકનોલોજી સાથે બ્લેકબેરી મોબાઈલ બજારમાં આવતાં રાજય સરકારે સચિવ કક્ષાના અને તેથી ઉપરના ઉચ્ચ સનદી અધિકારીઓને બ્લેક બેરી મોબાઈલ હેન્ડસેટો પૂરા પાડવામાં આવ્યા હતાં.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો

● અનુસંધાન પાન-૭ પર

ગાંધીનગર રાષ્ટ્રીય રંગે - હવે ગાંધીનગરના માર્ગો પર પણ નેશનલ હાઈવે જેવા ત્રણ ભાષાઓમાં સાઈન બોર્ડ જોવા મળે છે.... આ પ્રકારના માર્ગદર્શન સાઈનબોર્ડથી પરપ્રાંતિયોને ઉપયોગી બની રહેશે.

મોદીના પ્રધાનમંત્રી તરીકે સમર્થન માટે ૩૦ યુવાનોની પદયાત્રા

ગાંધીનગરથી સંસદભવન સુધીની પદયાત્રાનો આજથી પ્રારંભ

ગાંધીનગર, તા.૪

ભારત સ્વાભિમાન અનેપતંજલી યોગ સમિતિના ૩૦ જેટલા યુવાનો મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનેતે માટે દેશની પદયાત્રા કરશે.

ગાંધીનગર મંડલ પ્રભારી શ્રી અનિલ જોશીએ આજે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે ગાંધીનગરના ૩૦ યુવાનો સવારે સાડા નવ કલાકે સે-૬ની સત્યાગ્રહ છાવણી ખાતેથી આજે પ્રસ્થાન કરશે.

'મોદીજીને સમર્થન કરો દેશ કો નયા જીવન દો' ના સંદેશ સાથે ગાંધીનગરથી પ્રસ્થાન કરનાર આ નવ યુવાનો દિલ્હી સંસદભવન સુધીની પદયાત્રા કરશે. આ પદયાત્રા દરમિયાન તેઓ યુવાઓ તેમજ વિવિધ સંગઠનના આગેવાનોને મળી મોદીજીને સમર્થન કેમ કરવું જોઈએ તે વિશે ગોષ્ઠી કરશે.

નગરપાલિકાની પેટા ચૂંટણીમાં ભાજપાનો ઝળહળતો વિજય

અમદાવાદ, તા.૪

પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે ગત ૨ ફેબ્રુઆરીના રોજ યોજાયેલી નગરપાલિકાની ૮ બેઠકોની પેટા ચૂંટણીના આજે જાહેર થયેલા પરીણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ૬ બેઠકો પર ઝળહળતો વિજય પ્રાપ્ત કર્યો છે. અગાઉ ભાજપાની ૫ બેઠકો હતી. એક બેઠક પર ભાજપા સમર્થિત ઉમેદવાર વિજયી બન્યા છે.

ગત વિધાનસભાની ચૂંટણીઓમાં કોંગ્રેસને ધોબીપછાડ આપી ત્યારપછીની યોજાયેલી તમામ પેટા ચૂંટણીઓમાં ભાજપાએ અવિરતપણે વિજયકૂચ જાળવી રાખી છે.

નવી દરખાસ્તો ૨૦ ટકા કાપ સાથે રજુ કરવા સૂચના

ગાંધીનગર, તા.૪

વિભાગોને આગામી વર્ષ માટે રજુ કરવામાં આવતી નવી દરખાસ્તોમાં ૨૦ ટકા કાપ કરવા માટેની સૂચનાઓ નાણા વિભાગ દ્વારા આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આગામી નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ના અંદાજપત્ર ઘડતર અંગે મોટા ભાગના વિભાગો દ્વારા દરખાસ્તો નાણા વિભાગને મોકલી આપવામાં આવી છે. વિભાગો દ્વારા ચાલુ યોજના અને કેટલીક નવી યોજનાઓ અંગેની દરખાસ્તો તૈયાર કરવામાં આવેલી છે.

જયારે કેટલાક વિભાગો દ્વારા હજુ દરખાસ્તો રજુ કરવામાં આવી નથી અને પડતર છે. આથી આ વિભાગોને નાણા વિભાગના સંબંધિત અધિકારીઓનો રૂબરૂ સંપર્ક સાધવા માટેની સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ નાણા વિભાગ દ્વારા તમામ વિભાગોને રજુ કરવામાં આવતી નવી દરખાસ્તોમાં ૨૦ ટકા કાપ મુકીને દરખાસ્તો રજુ કરવા માટેની

● અનુસંધાન પાન-૭ પર

ટેન્ડર નોટીસ

અત્રેની જનરલ હોસ્પિટલ, ગાંધીનગર ખાતે (૧) ટેલીફોન ઈન્ટરકોમ સીસ્ટમ (મેટ્રીક્સ)-૧૨૦ પોટની સીસ્ટમ (૨) ટેલીફોન ઈન્સ્ટ્રુમેન્ટ ટીપેરીંગ તથા સર્વિસ-૯૦ ઈન્સ્ટ્રુમેન્ટ (૩) ટેલીફોનની લગતું વાયરીંગ (૪) ૫૦ ટેલીફોન ચાલુ કરવા અને તેને લગતા વાયરીંગ સાથેના ભાવ (૫) ૨૦ લાઈનનું કાર્ડ (૬) ૨૦ ટેલીફોન ઈન્સ્ટ્રુમેન્ટ ખરીદી તા. ૧/૧/૧૪થી ૩૧/૧૨/૧૪ સુધીના વાર્ષિક ભાવકરાર તા. ૧/૧/૧૪ થી ૩૧/૧૨/૧૪ સુધીના સદરહુ કામ માટે ભાવ સીલબંધ કવરમાં આપવાના રહેશે. તેમજ લોકલ કંપનીના ડીલર્સનું પ્રમાણપત્ર ભાવપત્રક સાથે બીડવાનું રહેશે.

ભરેલ ભાવપત્રકો અલગ-અલગ કામના ભાવ આપવાના રહેશે. તેમજ ભરેલ ભાવ તા. ૧૦/૨/૧૪ના સાંજના ૪-૦૦ કલાક સુધીમાં આપવાના રહેશે. ત્યારબાદ ભાવપત્રક લેવામાં આવશે નહિ.

અત્રેની સંસ્થાના વડાને ભાવપત્રક કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય રદ કરવાના અથવા તો આવેલ ભાવપત્રકો પૈકી ગમે તે ભાવપત્રક સ્વીકાર કે અસ્વીકારનો અબાધિત અધિકાર રહેશે.

(ડો. બી. બી. પટેલ)
મુખ્ય જીલ્લા તબીબી અધિકારી
સહ સિવિલ સર્જન
માહિતી/૨૪૦૬/૧૩-૧૪ જનરલ હોસ્પિટલ, ગાંધીનગર

જાહેર નિવિદા

કચેરી સુવિધા વ્યવસ્થાપનની સેવા પૂરી પાડવા અંગે

માહિતી અને પ્રસારણ વિભાગના હસ્તકની માહિતી કમિશનરની કચેરીમાં વહીવટી કામગીરી સરળતાથી કરવા માટે જરૂરી એવી સર્વે આનુષાંગિક સેવાઓ - સફાઈ કામ અને સ્વચ્છતા જાળવણીથી માંડીને ફાઈલો, ટપાલો પહોંચાડવાની સેવા, કચરા-પોતું, વોશરૂમ સફાઈ, ફર્નિચર સફાઈ સહિતની સમગ્રતયા કામગીરી કચેરી સુવિધા વ્યવસ્થાપન સેવા પૂરી પાડવા માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ટેન્ડરો, સીલ બંધ કવરમાં ફક્ત રજી.પો.એ.ડી.થી પૂર્વ લાયકાત અને ભાવપત્રકના ટેન્ડર ફોર્મ તરીકે અલગ અલગ કવરમાં મંગાવવામાં આવે છે.

કોરા ટેન્ડર ફોર્મ (નોન ટ્રાન્સફરેબલ) ચાલુ કામકાજના દિવસોએ સવારના ૧૧.૦૦ થી ૧૩.૦૦ કલાક વચ્ચે તા. ૧૫/૨/૨૦૧૪ સુધીમાં હિસાબી અધિકારી, હિસાબી શાખા, માહિતી કમિશનરશ્રીના કચેરી, બ્લોક નં.૭, ત્રીજા માળેથી, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરથી માહિતી કમિશનરના નામે રૂ. ૧૦૦૦.૦૦નો રોકડથી (પરત નહીં ચૂકવવાપાત્ર) ટેન્ડર ફીની ચૂકવણી કર્યેથી રૂબરૂ મેળવી શકાશે.

કોઈપણ ટેન્ડર કે તમામ ટેન્ડરો કોઈપણ કારણો દર્શાવ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર આ કચેરીનો રહેશે અને ટેન્ડર ભરનારને કચેરીના વખતો વખતના હુકમો બંધનકર્તા રહેશે.

ઈચ્છા ધરાવતી એજન્સીઓ દ્વારા કચેરીની મુલાકાત લઈ સ્થાનિક સ્થળ પરિસ્થિતિની જાણ તથા કામનો પ્રકાર, જરૂરિયાત, કચેરીની સ્થિતિ વગેરેથી સુમાહિતગાર થઈ શકાશે.

આ કામ અંગે પ્રિબીડ મીટીંગ તા. ૩/૩/૨૦૧૪ના રોજ ૧૫.૦૦ કલાકે માહિતી કમિશનરની કચેરી, બ્લોક નં. ૭, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર ખાતે રાખેલ છે. પૂર્વ લાયકાત અને ભાવપત્રકના આગળ ભરેલા ટેન્ડર ફોર્મ ઉપર્યુક્ત અધિકારીને તા. ૨૫/૨/૨૦૧૪ના રોજ ૧૪.૦૦ કલાક સુધીમાં મળી જાય તેમ મોકલવાના રહેશે.

સ્થળ : ગાંધીનગર માહિતી કમિશનર
માહિતી/૨૪૨૬/૧૩-૧૪

જાહેર નિવિદા

પ્રોજેક્ટ ડાયરેક્ટર આત્મા, સેક્ટર-૧૫, ગાંધીનગરની કચેરી માટે ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૩/૯/૯૭ના ઠરાવથી કક્ષા-બ હેઠળ માન્ય સંસ્થાઓ પાસેથી રાઈટીંગ હેન્ડલવાળી ખુરશીઓ ખરીદ કરવા માટે ભાવો મંગાવવામાં આવે છે. આ અંગેના ટેન્ડર ફોર્મ કામકાજના દિવસોએ તા. ૧૨/૨/૨૦૧૪ સુધી રૂ. ૫૦૦/- રોકડા ટેન્ડર ફી ચુકવણી કરેથી રૂબરૂ મળશે.

સ્થળ : ગાંધીનગર પ્રોજેક્ટ ડાયરેક્ટર
તારીખ : ૩૦/૨/૨૦૧૩ આત્મા, ગાંધીનગર
માહિતી/૨૪૦૯/૧૩-૧૪

જાહેર હરાજી

અત્રેની જનરલ હોસ્પિટલ ગાંધીનગર ખાતેના બીન ઉપયોગી સાધન સામગ્રી, રેડ સ્ટોકની વસ્તુઓ જેવી કે લોખંડના પલંગો તથા લાકડાના ટેબલ ખુરશીઓ તથા ઈલેક્ટ્રોનિક્સ સામાન જેમ છે તેમના ધોરણે સદરહુ માલ વેચાણ કરવાના હોઈ માલ જોઈને આખા લોટનો ભાવ સીલબંધ કવરમાં અત્રેની સંસ્થાને મોડામાં મોડા તા. ૧૫/૨/૧૪ સાંજના ૫-૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે. ભાવપત્રક સાથે ડીપોઝીટ પેટે રૂ. ૧૦,૦૦૦/- રોકડા કેશીયર પાસે જમા કરાવીને તેની રસીદ બીડવાની રહેશે. ડીપોઝીટ ભર્યા વગરના ભાવપત્રક ધ્યાને લેવામાં આવશે નહીં. જેની નોંધ લેવી. ભરેલ ભાવ સૌથી ઉંચા હશે તેના ભાવ મંજુર કરવામાં આવશે અને તેની જાણ કરવામાં આવશે.

કોઈપણ ભાવ સ્વીકાર કે અસ્વીકાર કરવાનો અબાધિત અધિકાર નીચે સહી કરનારનો રહેશે.

મુખ્ય જીલ્લા તબીબી અધિકારી
સહ સિવિલ સર્જન
માહિતી/૨૪૦૬/૧૩-૧૪ જનરલ હોસ્પિટલ, ગાંધીનગર

શ્રદ્ધાંજલિ

બળદેવસિંહ ઉદાજી બિહોલા
સ્વ. તા. ૧/૨/૨૦૧૪

આંખોમાં આસું ને
દિલમાં તમારી યાદ છે.
આજે તમે નથી એ જ
અમારી ફરિયાદ છે.
આપની યાદ સદાય સાથે રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

લિ.
વાઘેલા ભરતસિંહ જસવંતસિંહ
વાઘેલા વિજયસિંહ ભરતસિંહ
વાઘેલા અનિલસિંહ ભરતસિંહ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com